# ૨૦૧૭માં નર્મદા ડેમના દરવાજાનુ કામ પુર્ણ થશે : આનંદીબેન

મોડાસા તા.૨૦

ઉત્તર ગુજરાત ના ઝોન કક્ષા ના કૃષિ મહ?તસવ નો પ્રારંભ મોડાસા ખાતે મુખ્યમંત્રી ના હસ્તે કરવામાં આવ્યો હતો જેમાં વર્ષ ૨૦૧૭ સુધી માં નર્મદા ડેમ ના તમામ દરવાજાઓ નુ કામ પુર્ણ કરવાન્માં આવનાર હોવાની જાહેરાત કરાઈ હતી.

અરવલ્લી જીલ્લા ના મોડાાસા ખાતે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ના હસ્તે કૃષિ મહત્સવ ૨૦૧૫ અર્તગત કૃષિ અને સહકાર વિભાગ તેમજ સરદાર કૃષિનગર દાતીવાડા કૃષિ યુનિર્વસીટી ધ્વારા આયોજીત કૃષિ મેળો અને કૃષિ પ્રદશન ખુલ્લુ મુકવામ આવ્યુ હતુ આ પ્રસંગે કૃષિ ક્ષેત્રે ગુજરાત વધુ માં વધુ પ્રગતીશીલ બનેઅને ખેડુતો ની આર્થીક સ્થીતી પણ સધ્ધર બને તે માટે તજજ્ઞો ધ્વારા વિવિધ સંશોધનો કરાઈ રહયા છે તેની માહીતી ખેડુતો ને મેળવવા અનુરોધ કરાયો હતો કૃષિ ની સાથે સાથે પશુપાલન ક્ષેત્રે સંકળાયેલા પશુપાલકો ને પણ પોતાના પશુઓની જાળવણી માટે કાળજીરાખવા જણાવાયુ હતુ વર્તમાન સમય માં પશુઓ પ્લાસ્ટીક લોખંડ ખીલી અને વિવિધ પ્રકાનર ના સ્ક્રેપ ખોરાક સ્વરૂપે પેટ માં પણધરાવી રહયા છે ત્યારે તેનાથી પશુઓ ને વિવિધ પ્રકાર ની બીમારીઓ નો ભોગ બનવુ પડે છે ત્યારે પશુપાલકો એ પશુઓ માટેના ડોકટરો પાસે જઈ તેનુ નીદાન કરાવી જરૂર જણાયે ઓપરેશન પણકરાવી લેવા જોઈએ સજીવ ખેતી પર ભાર મુકતા મુખ્યમંત્રી આનંદીબેન પટેલે જણાવ્યુ હતુ કે આગામી સમય માં



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

સજી ખેતી કરતાં ખેડુતો માટે નવિનીતી જાહેર કરવાનુ ઉમેર્યુ હતુ આગામી સમય માં જીલ્લા પંચાયત સીટ વીસ્તાર માં આ પ્રકાર ના કૃષી મેળાઓ યોજી વધુ ને વધુ લોકો ને સરકાર ધ્વારા લાભ આપવાની કામગીરી હાથ ધરવાનુ જણાવાયુ હતુ.

વર્ષ ૧૯૫૯ માં નર્મદા ડેમ માટે જેતે વસ્તાર ના આદીવાસી ખેડુતો એ પોતાની મહામુલી જમીન સરકાર ને આપી દઈ ડેમ બનાવવા માટે નો માર્ગ મોકળો કરી આપ્યો હતો ત્યારે સરકારે પણ આ ડેમ નુ બાંધકામ શરૂ કરી વર્ષ ૨૦૦૮ સુધી માં ૧૨૧.૯૨ મીટર ઉચાઈ ધરાવતા ડેમ નુ નીર્માણ પુરુ કરી દીધુ હતુ પરંતુ આ ડેમ ઉપર દરવાજા નુ કામ પુર્વ કેન્દ્ર સરકારે મંજુર ન આપતા અધુરુ રહયુ હતુ પરંતુ વર્ષ ૨૦૧૪ માં નરેન્દ્ર મોદી ની સરકારે શપથ લીધા ના ૧૭ દિવસ માં જ આ ડેમ ના દરવાજા લગાવાનુ કામ શરૂ કરવા મંજુરી આપી હતી ત્યારે આગામી વર્ષ૨૦૧૭ સુધી માં તમામ દરવાજા લગાવાનુ કા પુર્ણ કરવામાં આવનાર હોવાનુ મુખ્યમંત્રી એ જાહેરાત કરી હતી.

આગામી શાળા આરોગ્ય કાર્યક્રમ વખતે પ્રથમીક શાળા અને આંગણવાડી ના બાળકો ને દાંત ને લગતા તમામ પ્રકાર ના રોગો માટે આધુનીક ટ્ઢરીટમેન્ટ પુરી પાડવામાં આવનાર હોવાનુ પણ જાહેર કરાયુ હતુ સાથે સાથે ૫૦૦૦ થી પણ વધુ બાળકો નાક કાન અને હોઠ ની વીકૃત બીમારી ના ભોગ બનેલા છે તેઓ ના ઓપરેશન કરી વિકૃત રોગમાંથી મુકિત અપાવવા આવનાર હોવાનુ પણ જણાવ્યુ હતુ એક રીતે આ કૃષિ મેળા માં ખેડુત પશુપાલન અને બાળકો ના આરોગ્ય ના વિવિધ પાસાઓ અંગે વિવિધ જાહેરાતો કરાઈ હતી.

જયારે આ કાર્યક્રમપ્રસંગે સિંચાઈ મંત્ર બાબુભાઈ બોખરીયા ગુહમંત્રી રજનીભાઈ પટેલ રાજયકક્ષા ના મંત્રી જશાભાઈ બારડ પુર્વ મંત્રીઓ જયસિહ ચૌહાણ વીડી ઝાલા પ્રફુલ પટેલ તેમજ સાંસદ દીપસીહ રાઠોડ અરવલ્લી જીલ્લા પંચાયત ના પ્રમુખ નેહાબેન પટેલ અરવલ્લી જીલ્લા ભાજપ પ્રમુખ ભરતસિંહ રહેવર અરવલ્લી જીલ્લા કલેકટર એસ.છાકછુઆક જીલ્લા વિકાસ અધિકારી સુધીરભાઈ પટેલ અને જીલ્લા પોલસ વડા મયુરસિંહ ચાવડા પણ ઉપસ્થીત રહયા હતા મોટી સંખ્યા માં ભાજપા ના કાર્યકરો ઉપસ્થીતર રહયા હતા.

## વિરોધનો કોઈપણ કાર્યક્રમ ન હોવા છતા કોંગી કાર્યકરોની અટકાયત કરાઈ

મોડાસા ખાતે આજરોજ યોજાએલ કૃક્ષિ મહોત્સવ માં મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આવનાર હોવાથી અરવલ્લી જીલ્લા પોલીસે આશ્ચર્ય જનક રીતે ગાજણ ટોલનાકા પાસે પહોચી જઈ ભીલોડા થી મોડાસા તરફ આવીર હેલા કોગ્રેસી ધારસભ્ય ડો અનીલભાઈ જોષિયારા અને અરવલ્લી જીલ્લા યુથ કોગ્રેસ પ્રમુખ વનરાજસિંહ ઝાલા અરવલ્લી જીલ્લા પંચાયત ના વિરોદધપક્ષ ના નેતા અરૂણભાઈ પટેલ ની અટકાયત કરી દીધી હતી કોગ્રેસ ધ્વારા આ કાર્યક્રમ નો કોઈ પણ જાતનો વિરોધ કરવાનો હેતુ ન હોવા છતાં બન્ને અગ્રણીઓ ની અટકાયત કરાતા પોલીસ ની કામગીરી સામે કોગ્રેસી કાર્યકરો માં રોષ વ્યાપી નીકળ્યો છે

## મોડાસા માર્કેટયાર્ડમાં આવેલ દુકાનમાંથી અરવલ્લી જીલ્લા એલસીબીએ

# ડબ્બા ટ્રેડીંગ અને મેચ પર રમાતા સટ્ટાનુ નેટવર્ક ઝડપી પાડયુ

## ૩ આરોપીઓ અને ૨ કોમ્પ્યુટર ઝડપી પાડયા

મોડાસા તા.૨૦

હાલ સમગ્ર દુનિયા માં ક્રિકેટ નો ફીવર છવાયેલો છે ત્યારે થોડાક જ દિવસો પહેલ ાવલ્ડકપ ની મેચો પરુી થઈ હતી અને ત્યાબાદ તરત જ આઈપીએલ ની મેચો નો જાદુ દેશ ના યુવાધન પર છવાયુ હતુ ત્યારે આ આઈપીએલ ની મેચો પર અરવલ્લી જીલ્લા ના મોડાસા માર્કેટયાર્ડ માં થી આજે એલસીબી પોલીસે બાતમી ના આધારે રેડ કરી ડબ્બા ટ્રેડીગ અને મેચ ઉપર સટ્ટો રમાડતા ત્રણ શખ્સો અને કોમ્પ્યુટર જબ્બે કર્યા હતા.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

થોડાક સમય અગા વડોદરા ખાતે ઈડી એ રેડ કરી અને મેચ ઉપર રમાતો મોટા માં મોટા સટ્ટાબેટીંગ નુ નેટવર્ક ઝડપી પાડયુ હતુ ત્યારે હાલ આઈપી એલ ની મેચો પર મોડાસા માર્કેટયાર્ડ માં આવેલી દુકાન નંબર ૫ માં સટ્ટો રમાડાય છે તેવી અરવલ્લી જીલ્લા એલ.સી.પોલીસ ને બાતમી મળી હતી ત્યારે આજે બપોરે અરવલ્લી જીલ્લા એલસીબી પીઆઈ પીકેપટેલ અને તેમની ટીમ ધ્વારા ઓચિંતો છાપો માર્યો હતો અને માર્કેટયાર્ડ માં આવેલીદુકાન નંબર ૫ માં રેડ કરી હતી અને તપાસ દરમ્યાન એલસીબી પોલીસ ચોકી ઉઠી હતી તપાસ દરમ્યાન ઓનલાઈન ડબ્બા ટ્રેડીંગ થતુ હોવાનુ મળી આવ્યુ હતુ અને આઈપીએલ ની મેચો પર મોટાપાયે સટ્ટો રમાડાતો હોવાનુ બહાર આવાતા એલસીબી પીઆઈ એ ત્રણ આરોપીઓ અને બે કોમ્પ્યુટર એક ગાડી બે બાઈક સહિત્ત ૨લાખ ૩૦ હજાર રૂપિયા રોકડા કબજે લઈ આગળ ની કાર્યવાહી હાથ ધરી હતી.

# ટીંટોઈ નજીક ઝાયલો ગાડીએ ૩ રાહદરીઓને અડફેટે લેતા ત્રણેયના મોત

મોડાસા તા.૨૦

અરવલ્લી જીલ્લા ના ટીટોઈ ગામ નજીક સાંજના સુમારે રોડ પર જઈ રહેલા ત્રણ રાહદારીઓ ને શામળાજી બાજુ થી માતેલા સાંઢ ની જેમ આવતી જાયલો ગાડી એ અડફેટે લેતા ત્રણેય રાહદારીઓનુ ઘટના સ્થળ ઉપર જ મોત નીપઝયુ હતુ.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર અરવલ્લી જીલ્લા માં દિવસે ને દિવસે અકસ્માતો ની સંખ્યા માં વધારો થઈ રહયો છે પોલીસ દ્વારા ટ્રાફીક જાગૃતી અભીયાન ચલાવવા છતાં પણ લોક દ્વારા ટ્રાફીક ના નીયમો નુ ઉલ્લઘન કરી ને વાહન હંકારવામાં આવે છે ત્યારે આજે સાંજે ૬ એક વાગ્યા ના સુમારે ટીંટોઈ નજીક રસ્તા ઉપર ત્રણ રાહદારીઓ સાઈડ ઉપર ચાલતા હતા તે સમયે શામળાજી બાજુ થી માતેલા સાંડ ની જેમ આવતી જાયલો ગાડી એ આ ત્રણેય રાહદારીઓ ને અડફેટે લીધા હતા ઝયારે આ ટકકર એટલી બધી જોરદાર હતી કે ત્રણેય રાહદારીઓ નુ ઘટના સ્થળ ઉપર જ મોત નીપઝયુ હતુ જયારે આ ઘટનાની જાણ થતાં આજુબાજુ થી દોડી આવેલા લોકો એ રસ્તો ચકકાજામ કરી દીધો હતો.



(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

# માલપુર-લુણાવાડા રોડ પર ટ્રકે ટ્રેક્ટરને અડફેટે લેતાં બે ના મોત

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લાના માલપુર-લુણાવાડા રાજય ધોરી માર્ગ પર માલપુર વાત્રક પુલ પાસે રવિવારે ટ્રકે ટ્રેક્ટરને ટક્કર મારાતં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ટ્રેક્ટરચાલક અને રવિવારે વધુ એક જિવલેણ અકસ્માત માલપુર-લુણાવાડા રાજ્ય ધોરીમાર્ગ પર સર્જાયો હતો. રવિવારે ઈડર (સાબરકાંઠા) તાલુકાના ગોરલ ગામના કૂવામાં આડા બોરકુવાનું કામ કરતા બે વ્યક્તિઓના મોત ટ્રકે- હંકારી ટ્રેક્ટરને જોરદાર ટક્કર મારતાં ટ્રેક્ટર ચાલક બાબુભાઈ ભેરાલાલ નિનામા તથા રમેશભાઈ હાજાભાઈ બામણા ટ્રેક્ટરમાંથી હવામાં ફંગોળાઈ રોડ પર પટકાઈ ગયા હતા. બન્ને યુવકોને શરીરે ગંભીર ઈજાઓ



(તસવીર : જય અમીન, મોડાસા)

ટ્રેક્ટરમાં બેઠેલાં વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળેજ કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. ટ્રેક્ટરને ટક્કર મારી ભાગી છુટેલા ટ્રકચાલકને ટ્રક-કન્ટેનર સાથે માલપુર પો.સ.ઈ. રાવોલજીએ ઝડપી લઈ લોકઅપને હવાલે કરી વધુ તપાસ હાથ ધરી છે.

અરવલ્લી જિલ્લામાં અકસ્માતની ઘટનાઓની હારમાળા સર્જાઈ છે. જેમાં ટ્રેકટરને અડફેટે લેતાં અકસ્માતમાં નિપજતાં ગોરલ ગામમાં ગમગીની છવાઈ હતી. માલપુર તાલુકાના પીપરાણાં ગામેથી કૂવામાં આડા બોરનું કામ કરતાં બે યુવાનો ટ્રેક્ટર નં. જીજે૯એએએફ૨૫૮૯ લઈને ઈડર પરત ફરી રહ્યા હતા. ત્યારે વાત્રક પુલ પાસેથી પસાર થતા ટ્રક નં. કેએ-૨૫-ડી-૭૮૦૭ ના ટ્રક ચાલકે પૂરઝડપે બેફામ ગતિએ પહોંચતા ઘટનાસ્થળેજ તેમનું કરૂણ મોત નિપજ્યું હતું. ટ્રકચાલક અકસ્માત સર્જી ટ્રક લઈને ફરાર થઈ જતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ આ ગંભીર અકસ્માતની જાણ માલપુર પોલીસ સ્ટેશને કરતાં માલપુર પોલીસ સ્ટેશનના પી.એસ. આઈ. રાવોલજીએ ચક્રો ગતિમાન કરી ટ્રકચાલકને કન્ટેનર સાથે ઝડપી પાડી જેલને હવાલે કર્યો હતો.



(તસવીર : જય અમીન, મોડાસા)





અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા ખાતે આજે ઓનેસ્ટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા 'નહી નફો-નહી નુકસાન'ના ધોરણે રાહત દરે એમ્બ્યુલન્સ સેવાનું લોકાર્પણ કરાયું હતું. આ એમ્બ્યુલન્સ માટે યુસુફભાઈ મેઘરજી દ્વારા રૂ. ૧,૫૧,૭૮૬નું માતબર દાન મળ્યું હતુ અને જો વધુ એક એમ્બ્યુલન્સની જરૂરિયાત જણાશે તો તેમણે વધુ રૂ. ૨,૦૧,૭૮૬ નું દાન આપવાની તત્પરતા દર્શાવી હતી. આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ એસ.આર. પટેલ, ગુજરાત પટણી સુન્ની જમાતના પ્રમુખ હાજી યુસુફભાઈ એ. મેઘરેજી, ડૉ. નાયક, ઓનેસ્ટ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ મો. સલીમ મેઘરેજી, સેક્રેટરી મો. સરફરાજ મેઘરેજી, ઉપપ્રમુખ ગુલામ મોહ્યુદ્દીન બારીવાલા તથા ટ્રસ્ટના કારોબારી સભ્યો અને તમામ કોર્પોરેટર્સ સહિત સામાજિક સંસ્થાઓના આગેવાનો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## મોડાસામાં પરશુરામ જન્મ જયંતિની ભવ્ય ઉજવણી

સમગ્ર ગુજરાતમાં વૈશાખ સુદ બીજના દિવસે ચિરંજીવી પરશુરામ ભગવાનની જન્મ જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. હિન્દુઓના તેત્રીસ કરોડ દેવી-દેવતાઓમાંથી જે સાત મહાપુરૂષો ચિરંજીવી છે એમાંના એક ભગવાન પરશુરામ આજે પણ મહારાષ્ટ્રના ચિપલૂણ ગામે અજણ-અમર ગુપ્તવાસ કરતા હોવાની હિન્દુ સમાજમાં માન્યતા છે. ભારતીય સમાજ ભગવાન પરશુરામને શૌર્યના પ્રતીક તરીકે લોકો પરંપરાગત પરશુરામ જયંતિની ધામધૂમપૂર્વક અને હર્ષોલ્લાસથી ઉજવણી કરે છે. અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં બ્રાહ્મણોના આરાધ્ય દેવ ભગવાન પરશુરામજીના જન્મોત્સવની ઉજવણી ધામધૂમપૂર્વક કરવામાં આવી હતી. મોડાસા નગરપાલિકાના ટાઉનહોલમાં બ્રાહ્મણોના આરાધ્ય દેવ જ્ઞાન અને શૌર્યના સંગમ સમાન ચિરંજીવી પરશુરામનો જન્મોત્સવમાં મોડાસા મારૂતિ વિકાસ મંડળ, બ્રહ્મસમાજના અગ્રણીઓ, બ્રહ્મશ્રી ક્રેડીટ સોસાયટીના સદસ્યો અને પરશુરામદાદાના ભક્તો દ્વારા ભગવાન પરશુરામજી દાદાનું પૂજન, અર્ચના, પરશુરામજીના શસ્ત્ર પરશુનું પણ તિલક કંકુથી પૂજન કરવામાં આવ્યુ હતુ. પરશુરામ દાદાની જયંતિની ઉજવણીમાં મોડાસા નગરપાલિકા પ્રમુખ એસ.આર. પટેલ, ધી બ્રહ્મશ્રી ક્રેડીટ સોસાયટી મંડળીના ચેરમેન નરહરિપ્રસાદ જોષી, મારૂતિ વિકાસ મંડળના પ્રમુખ નિલેષભાઈ જોષી, ડૉ. સંતોષ દેવકર, કેતન ત્રિવેદી, કનુભાઈ ઉપાધ્યાય, મોડાસા નગરપાલિકાના નગર સેવક નિતિન પંડ્યા હાજર રહ્યા હતા. પરશુરામ દાદાની જયંતિની ઉજવણીમાં શાસ્ત્રોક્ત વેદમંત્રોચ્ચારથી વાતાવરણ ગુંજી ઉઠ્યુંહતુ. સચીન મહારાજ, શૈલેષ પંડ્યા, ચિરાગ ગોર અને જીગ્નેશ પંડ્યાની ટીમ દ્વારા પરશુરામ ભગવાનની પરશુ શસ્ત્રની પૂજન વિધિ વેદમંત્રોચ્ચારથી કરવામાં આવી હતી.

## બનાસકાંઠા જિલ્લામાં યોજાનારા કૃષિ મહોત્સવના ઈન્ચાર્જ-સહ ઈન્ચાર્જ નિમાયા

પાલનપુર, તા.૨૦

રાજયના ખેડૂતોને કૃષિ વિષયક અદ્યતન ટેકનોલોજીનું જ્ઞાન મળે અને રાજયના કૃષિ ઉત્પાદનમાં વધારો થાય તે આશયથી સમગ્ર રાજયમાં તા. ૨૨-૪-૧૫થી તા. ૧૦-૫-૧૫ સુધી રાજય સરકાર દ્વારા જિલ્લા પંચાયતની બેઠક વિસ્તારમાં કૃષિ મહોત્સવો યોજવાનું આયોજન હાથ ધરાયું છે. જે અંતર્ગત કૃષિ મહોત્સવ કાર્યક્રમ પ્રજા સુધી પહોંચે અને વધુમાં વધુ ખેડૂતો તેનો લાભ મેળવે તે માટે બનાસકાંઠા જિલ્લા ભાજપ દ્વારા સરકારના કાર્યક્રમમાં પૂરક થવાનું આયોજન કરવામાં આવ્યું છે.

બનાસકાંઠા જિલ્લા પંચાયતની તમામ ૫૫ બેઠકો પર યોજાનારા કૃષિ મહોત્સવના સંકલન માટે કૃષિ મહોત્સવના ઈન્ચાર્જ તરીકે ડો. ગણેશભાઈ પટેલ અને સહ ઈન્ચાર્જ તરીકે કિર્તીસિંહ વાઘેલા અને પીરાભાઈ ગામોટની વરણી કરવામાં આવી છે. તદઉપરાંત વિવિધ તાલુકાઓમાં પણ કાર્યક્રમના સંકલન માટે ઈન્ચાર્જ-સહ ઈન્ચાર્જની વરણી કરવામાં આવી છે.


ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦



આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD
Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧